# Day to Day Current Affairs
## August – 2015

❖ 14 ઓગસ્ટ, ૨૦૧૫ (શુક્રવાર)

### 1) અમદાવાદ એરપોર્ટ ખાતે સ્વાતંત્ર દિનથી 'વિઝા ઓન એરાઈવલ' :–

- અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે ૧૫ ઓગસ્ટ સ્વાતંત્ર દિવસથી 'વિઝા ઓન એરાઈવલ' સુવિધા શરૂ કરવામાં આવશે.
- હાલમાં ભારતના કુલ ૯ એરપોર્ટમાં 'વિઝા ઓન એરાઈવલ' ની સુવિધા ઉપલબ્ધ છે.
- હવે કેન્દ્ર સરકાર દ્વારા ૧૫ ઓગસ્ટ, ૨૦૧૫ થી અમદાવાદ ઉપરાંત વારાણસી, ગયા, લખનૌ, જયપુર, અમૃતસર અને ત્રિચીના એરપોર્ટ ખાતે પણ આ સુવિધા ઉપલબ્ધ કરશે.
- હવે, સ્વાતંત્ર દિવસથી દેશના કુલ ૧૬ એરપોટર્સમાં સુવિધા ઉપલબ્ધ થશે.
- 'વિઝા ઓન એરાઈવલ' ની સુવિધા અગાઉ ૮૦ દેશોના પ્રવાસીઓ માટે હતી જે હાલમાં ૩૬ દેશોના પ્રવાસીઓ માટે વધારીને હવે કુલ ૧૧૬ દેશના પ્રવાસીઓ ભારતના ઈ – વિઝા મેળવી શકાશે.
- વિઝા ઓન એરાઈવલની પ્રક્રિયા કેવી હોય છે ? :–
  – વિઝા ઓન એરાઈવલ માટે કોઈપણ દેશના અરજદારે ભારતના એલચી અધિકારીને વિઝા માટે અરજી કરવી પડશે.
  – ભારતના દુતાવાસ પાસેથી મંજૂરી મળી જાય એ સાથે જ તેને ઓથોરાઈઝડ ઈ – મેઈલ મોકલવામાં આવશે.
  આ ઈ – મેઈલની પ્રિન્ટ આઉટ લઈ તે દેશનો નાગરિક ભારતમાં જયાં પણ વિઝા ઓન એરાઈવલની સુવિધા ઉપલબ્ધ હોય તેવા એરપોર્ટ પણ આવશે. એ સાથે જ જરૂરી દસ્તાવેજ સાથે તેના વિઝા મંજૂર થઈ જશે.
  – આમ, જે દેશના નાગરિકોની વિઝા ઓન એરાઈવલ માટે પસંદગી કરવામાં આવી છે તેમને વિઝા માટે લાંબી લાઈનોમાં ઉભા રહેવું પડશે નહી.

### 2) ૧૫ ઓગસ્ટ, ૧૯૪૨ :–

- મહાદેવભાઈ દેસાઈની પૂણ્યતિથિ

### 3) ઓ. પી. મુંજાલ :–

- સાઈકલ ઉદ્યોગના જનક ઓમપ્રકાશ મુંજાલનું ૧૩ ઓગસ્ટના રોજ અવસાન.
- તેમણે ૧૯૫૬માં લુધિયાણામાં સાઈકલની ફેકટરી નાંખી જેને નામ આપ્યુ 'હિરો'
- ૩૦ વર્ષ પછી વર્ષ ૧૯૫૬માં 'હિરો' વિશ્વમાં સૌથી વધુ સાઈકલ બનાવનારી કંપની બની અને ગિનિઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નામ નોંધાયું.

### 4) રાજય સરકાર દ્વારા સ્વાતંત્ર સેનાનીઓના પેન્શનમાં વધારો કરાયો :–

- રાજય સરકારે ૬૯માં સ્વાતંત્ર પર્વ નિમિત્તે સ્વાતંત્ર સેનાનીઓને મળતા પેન્શનમાં રૂ. ૪ હજારનો વધારો કરીને સ્વાતંત્ર પર્વની ભેટ આપી છે.
- દેશની આઝાદીની ચળવળમાં ભાગ લેનારા રાજયના ૨૦૦ ઉપરાંત હયાત સેનાનીઓને રાજય સરકાર દ્વારા રૂ. ૬ હજાર પેન્શન અપાતુ હતુ જે વધારીને ૧૦ હજાર કરાયું છે.
- તેમના આશ્રિતોને પણ માસિક રૂ. ૫ હજાર ચૂકવવામાં આવતા હતા જે હવે વધારીને રૂ. ૭ હજાર આપવામાં આવશે.
- સ્વાતંત્ર સેનાનીઓ તથા તેમના આશ્રિતોના પેન્શનમાં કરવામાં આવેલ આ વધારો પહેલી ઓગસ્ટ ૨૦૧૫થી અમલમાં આવશે.

### 5) ઓ. પી. રાવત :–

- તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા ઓ. પી. રાવતની દેશના ચૂંટણી કમિશનર પદે નિયુકિત કરવામાં આવી છે.
- ઓ. પી. રાવત મધ્યપ્રદેશ કેડરના પૂર્વ IAS અધિકારી છે.

Vivekanand Academy, Gandhinagar